# સત્સંગ વિહાર ચેલેન્જ

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## પાઠ : ૨૪
## ઇન્દ્રિયોની એકાદશી



# ૨૪. ઈન્દ્રિયોની એકાદશી

**શાસ્ત્રીજી મહારાજ**નું **બાળપણ**નું નામ હતું **ડુંગર ભગત**. એકવાર સૌ કુટુંબીજનો સાથે તેઓ **કરમસદ** ગયા હતા. કોઈ **સગાનો લગ્નપ્રસંગ** હતો. સૌ લગ્ન માણવામાં પડ્યા ત્યારે **ડુંગર ભગત** ગામના **પાદરે** પહોંચી ગયા. અને ત્યાંના **મંદિરમાં** માળા-પ્રદક્ષિણા-ધ્યાન કરવા લાગ્યા. જેવો **જમવાનો સમય** આવ્યો કે **સૌ** ડુંગર ભગતને **શોધવા** લાગ્યા.

બહુ શોધ્યા ત્યારે **ભાળ મળી** કે ડુંગર ભગત મંદિરમાં છે. તેથી ત્યાં **ઘણા માણસો ભેગા** થઈ ગયા. કોઈ કહે, '**ચાલો** હવે **જમવા**. અનેક સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી છે. ખૂબ મજા આવશે.' ત્યારે **ડુંગર ભગત** કહે, 'આજે એકાદશી છે. મેં શાસ્ત્રમાંથી સાંભળ્યું છે કે **એકાદશીના દિવસે અન્ન ખાવું, તે માંસ ખાધા બરાબર છે**. માટે હું નહીં જમું.' એક પછી એક અનેક લોકોએ ડુંગર ભગતને સમજાવ્યા પણ તેઓએ **દૃઢતા મૂકી જ નહીં**.

છેવટે સૌ નમી પડ્યાં. ડુંગર ભગત માટે **આણંદથી** પેંડા, બરફી વગેરે **ફરાળ** મંગાવવામાં આવ્યું, ત્યારે તેઓ થોડું **જમ્યા**. આખા ગામમાં આ નાના બાળકની ટેકની વાત પ્રસરી ગઈ. સૌ આ બાળભક્તનાં દર્શન કરવા આવવા લાગ્યાં. એ વખતે ડુંગર ભગતની **ઉંમર** હતી **ફક્ત ૬ વર્ષ** !

**આવા હતા ડુંગર ભગત !**

**એકાદશી કરવાની એટલે કરવાની જ. ચાહે કોઈ પણ પ્રસંગ હોય, ચાહે ગમે તેટલા લોકો લલચાવે, પણ ટેક ન મૂકે તે ન જ મૂકે.**

**આપણે પણ દરેક એકાદશી નિર્જળા, સજળા કે ફળાહાર (ફરાળ) સાથે કરવી જ જોઈએ. તો ભગવાન અને સંત રાજી થાય.**

- **<u>ઈન્દ્રિયોની એકાદશી</u>**

- શ્રીજી મહારાજ ગઢડા મધ્યના ૮મા વચનામૃતમાં કહે છે : 'એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઈન્દ્રિયોને આહાર કરવા દેવા નહિ. એવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે તે ખબડદાર થઈને કરવું, તો તેની ઉપર ભગવાન પ્રસન્ન થાય છે; પણ તે વિના જે ઢોરલાંઘણ તેણે કરીને ભગવાન પ્રસન્ન થતા નથી.'
- અહીં **અગિયાર ઈન્દ્રિયો એટલે ૧૦ ઈન્દ્રિયો અને ૧૧મું મન**. શ્રોત્ર (કાન), ત્વક્ (ચામડી), રસના (જીભ), ઘ્રાણ (નાક) અને ચક્ષુ (આંખ) એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે તથા હાથ, પગ, વાણી, ગુદા અને શિશ્ન એ પાંચ કર્મેન્દ્રિયો છે. આ બધી જ ઈન્દ્રિયોનો **સંયમ** ન રાખે અને ફક્ત ઉપવાસ કરે એ ઢોરલાંઘણ કહેવાય.
- આ મુજબ **એકાદશી વ્રત તો જીવનના દરેક દિવસે દરેક ક્ષણે કરવાનું થાય**. એટલે કે કાનથી ફિલ્મનાં ગીતો, નિંદાની વાતો સાંભળવી નહીં. ચામડીથી અયોગ્ય સ્પર્શ કરવો નહીં. આંખથી ખરાબ વસ્તુ જોવી નહીં, જીભથી બજારનું અને આજ્ઞા બહારનું ખાવું નહીં. તથા નાકથી અપવિત્ર સુગંધ લેવી નહિ. હાથ, પગ અને વાણીથી કુકર્મ કરવાં નહિ તથા મનથી ભૂંડા સંકલ્પો ન કરવા. તથા **તમામ ઈન્દ્રિયોને ભગવાનના માર્ગે ચલાવવી. આમ થાય તો ઈન્દ્રિયોની એકાદશી થઈ કહેવાય.**
- દર ૧૫ દિવસે કરવામાં આવતી ફળાહારી એકાદશી તો ઈન્દ્રિયોની એકાદશી તરફ દોરી જતો માર્ગ છે.



# પાઠ : ૨૪
# ઈન્દ્રિયોની એકાદશી

સત્સંગ વિહાર ચેલેન્જ

## 'એકાદશીને વધાવીએ...'

**ચેલેન્જ ૦૧**

:: જરૂરી સામગ્રી ::
કેલેન્ડર, જાડું કાર્ડબોર્ડ, કાગળ, પેન

:: કોણ જોડાશે ::
માત્ર તમે




:: રીત ::

- ૨૦૨૧ના કેલેન્ડરમાંથી આગામી મહિનાઓમાં આવતી એકાદશીની યાદી તૈયાર કરવી.
- એક જાડું કાર્ડબોર્ડ લઈ તેની એક સાઈડ પર સુંદર અક્ષરે લખવું કે, 'આવતીકાલે એકાદશી છે.'
- કાર્ડબોર્ડની બીજી સાઈડ લખવું, 'આજે એકાદશી છે.'
- આ બોર્ડને ડેકોરેટ કરવું.
- આગામી દિવસોમાં જ્યારે એકાદશી આવવાની હોય તેના આગલા દિવસે ઘરમંદિરમાં 'આવતીકાલે એકાદશી છે.' દેખાડતું બોર્ડ મૂકવું. અને જે દિવસે એકાદશી હોય તે દિવસે 'આજે એકાદશી છે' દેખાડતું બોર્ડ મૂકવું.

**મનન**

**એકાદશીના દિવસે નિર્જળા, સજળા કે ફળાહાર કરવાની દૃઢતા રાખવી અને ઘરના સૌને પણ દૃઢતા કરાવવી.**



**ચેલેન્જ ૦૨**

## 'ઓહિયા...'

:: કોણ જોડાશે ::
તમે અને તમારા ભાઈ-બહેન

:: રીત ::

- અહીં આપેલી વસ્તુઓ જોઈને નક્કી કરવું કે એકાદશીમાં આ વસ્તુ ખવાય કે ન ખવાય.


સાબુદાણાની ખીચડી


સુકીભાજી


દાબેલી


કેળાં


રોટલી


ફ્રુટ


ચુરમાના લાડુ


રાજગરાનો શીરો


ફરાળી ચેવડો


બરફી


બટેકાની વેફર્સ


સેન્ડવીચ

પાઠ : ૨૪

# ઈન્દ્રિયોની એકાદશી

સત્સંગ વિહાર ચેલેન્જ

ચેલેન્જ ૦૩

## 'કી-વર્ડ સર્ચ....'

:: કોણ જોડાશે ::

માત્ર તમે

:: રીત ::

- નીચે આપેલ ચોકઠાંમાંથી પાઠના આધારે કી-વર્ડ શોધી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ળ | ચ | ઇ | ટે | હ | ડું |
| ક | ન્દ્રિ | ઓ | ક | ગ | ક |
| યો | મં | દિ | ર | ઢ | જ |
| વ | સં | ચ | મ | મં | એ |
| ભ | ર્ત | માં | સ | કા | ડ |
| ગ | આ | ણં | દ | ષ્ટ | ક્ષ |
| વા | ઉ | શી | ઝ | દ | ણે |
| ન | સ | જ | ળા | ર્જ | નિ |

૧. શાસ્ત્રીજી મહારાજનું બાળપણનું નામ શું હતું ?

૨. તેઓ સગાના લગ્નપ્રસંગમાં કયા ગામ ગયા હતા ?

૩. સૌ લગ્ન માણતા હતા ત્યારે તેઓ ક્યાં જઈ માળા-પ્રદક્ષિણા-ધ્યાન કરવા લાગ્યા ?

૪. 'મેં શાસ્ત્રમાંથી સાંભળ્યું છે કે ________ ના દિવસે અન્ન ખાવું તે ________ ખાધા બરાબર છે.'

૫. તેમના માટે ક્યાંથી પેંડા લાવવામાં આવ્યા ?

૬. ચાહે ગમે તેટલા લોકો લલચાવે, પણ શું તેઓ શું ન મૂકે ?

૭. આપણે પણ દરેક એકાદશી ________, ________ કે ફળાહાર સાથે કરવી જોઈએ.

૮. અગિયાર ________ એટલે ૧૦ ઇન્દ્રિયો અને ૧૧મું મન.

૯. એકાદશી કરે પણ બધી જ ઇન્દ્રિયોનો શું ન રાખે તેને ઢોરલાંઘણ કહેવાય ?

૧૦. એકાદશીનું વ્રત જીવનના દરેક દિવસે અને દરેક ________ કરવાનું છે.

૧૧. ઇન્દ્રિયોની એકાદશી કરવા માટે તમામ ઇન્દ્રિયોને કોના માર્ગે ચલાવવી ?

સત્સંગ વિહાર ચેલેન્જ

# પાઠ : ૨૪
# ઇન્દ્રિયોની એકાદશી

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને ચેલેન્જ દ્વારા તે પાઠની દૃઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here

English Click Here












**જય સ્વામિનારાયણ**